

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મારે તરાપ, મફત-લોન માટે 'ઝૂ' ને ચૂંટે છે!*
*માલ્યા જેમ 'વાઘ' પણ પશુ-બેંક જ લૂંટે છે!*
*ભક્ષ્ય ખાઈ જાય પણ પૂરાતા નથી પાંજરે -*
*ફૂટેલા છે ચોકીદાર બધે, 'ઝૂ' માથાં કૂટે છે*
*(વાઘ-ઝૂ પર જ ત્રાટક્યા!)*

હાઈકુ

*'અનુકૂળતા'*
*ગાયો નથી વધતી -*
*ને વાઘ વધ્યા !*
*(શિકારી મળી રહે છે)*

*કરે શિકાર -*
*ભૂખ ન્હોય તો પણ -*
*વાઘ-સ્વભાવ!*
*(બિચારા અરજદાર!)*

### ચિંતન

**અનર્દ્યમપિ માણિક્યમ્ હેમાશ્રયમ પેક્ષતે ।**
**વિનાશ્રયા ન શોભન્તે, પંડિતા, લત્તા, વિનતા ॥**

**ઉપરોક્ત શ્લોક મનુસ્મૃતિમાંથી લેવામાં આવેલ છે.**

**અમૂલ્ય હોવા છતાં માણેક જેવા રત્નને પણ સોનાનો આશ્રય લેવા પડે છે. (માણેક કીમતી હોવા છતાં સોનામાં જડવામાં આવે પછી જ તે પહેરી શકાય. ઉપયોગમાં લઈ શકાય) એવી જ રીતે પંડિત, સ્ત્રી અને વેલી, લત્તા પણ આશ્રય વિના શોભતા નથી.**

**અહીં આશ્રયનો અર્થ માત્ર અવલંબન ન લેતાં વિશાળ અર્થમાં, આધાર-ટેકા - જીવનભરનો સાથ-સંગાથ - એક દૂજે કે લિયેના અર્થમાં જેવો વિશાળ અર્થ લેવાનો રહે છે. આખા જગતની તમામ બાબતો સાથે જ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી જ હોય છે.**

**એક જંગલના મૂળમાં એક તણખલું, જીવજંતુ છે, મહાકાય પ્રાણીઓ પણ છે. એ બધાંય પરસ્પર આધારની સનાતન સાંકળ છે. એવી જ રીતે પંડિત-લતા-સ્ત્રી ભલે પોતાની રીતે મૂલ્યવાન ઉપયોગી અને સ્વતંત્ર તેજસ્વી હોય છતાં એને 'આધાર, ટેકા, મદદ કે પ્રોત્સાહન' ન હોય તો તેનો વિકાસ થતો નથી. આધાર એના દ્વારા શોભિત પણ બને છે.**

### સુવિચાર

- પોતાની સીમા જાણીને તેની પાર જવા મથતા મનુષ્યોને જ સફળતા મળે છે - **બુદ્ધિપ્રકાશ**
- માનવીના મનમાં ધર્મ-અધર્મ અને અર્થો સમયે સમયે, વ્યક્તિએ-વ્યક્તિએ બદલાતાં રહે છે - **રોહિત શાહ**
- આર્થિક વ્યવહારોમાં નાણાંનો પ્રવશ થયો તેથી સામાજિક સંબંધો અને આર્થિક લેવડ-દેવડના પાયા ક્ષીણ થયા - **ડો.અરુણ ઠાકોર**
- શ્રીમંતાઈ આપોઆપ આગેવાનીની હકદાર થઈ જતી હોય છે. વૈભવસુખ કરતાં પણ આગેવાનીનું સુખ વધારે હોય છે, એટલે જ તો આગેવાન થવા માટે લોકો લડી મરતા હોય છે - **સ્વામી સચ્ચિદાનંદ**
- સર્વપ્રકારની ભીખ જાય, ત્યારે ભગવાનનું પ્રતિનિધિત્વ મળે - **દાદા ભગવાન**
- જન્મ મળે છે, જીવન શોધવું પડે છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : ગૌમૂત્રમાં રાઈને પીસી હળદર મિકસ કરી પેસ્ટ બનાવી તેમાં એક ચમચી રાઈનું તેલ ભેળવીને, તે પેસ્ટ ખરજવા પર લગાડવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આઝાદી પહેલાની વાત છે. ત્યારે સર વિલીયમ જોન્સ કલકત્તાની હાઈકોર્ટના જજ હતા. તેઓ બ્રિટનથી ભારત અને તેમની સંસ્કૃત ભાષા શીખવાનો શોખ જાગ્યો. કોઈ તેમને ડરના કારણે સંસ્કૃત શીખવવા તૈયાર ન હતા. ઘણી શોધખોળ બાદ એક વૈદ્ય તેમને સંસ્કૃત ભણાવવા તૈયાર તયા. તેમણે શરત મૂકી અને કહ્યું, 'હું આપના બંગલાના અલગ ઓરડામાં બેસીને ભણાવીશ. એ ઓરડામાં એક ટેબલ અને બે ખુરશી સિવાય કોઈ ફર્નિચરની જરૂર નથી. તે રૂમની સફાઈ ફક્ત હિંદુ કર્મચારી જ કરશે, સફાઈ બાદ ટેબલ ખુરશી ઉપર ગંગાજળ છાંટવાનું રહેશે. જજ સાહેબે માંસ-મદિરા છોડવાના રહેશે.' જોન્સ સાહેબને ભણાવતા પહેલાં અને ભણાવ્યા પછી વૈદ્યજીને કપડા બદલાવવા માટે અલગ સ્નાનઘર જોઈશે. માસિક દક્ષિણામાં માસિક પચાસ રૂપિયા રહેશે. વૈદ્યરાજને લેવા મૂકવા ઘોડાગાડીની વ્યવસ્થા આપવી પડશે.' વૈદ્યરાજને એમ કે આવી આકરી શરતો સાંભળીને જજ સાહેબ સંસ્કૃત શીખવાનો શોખ માંડી વાળશે. પણ સૌના આશ્ચર્ય વચ્ચે વિલિયમ્સ સાહેબે આ તમામ શરતો સ્વીકારી લીધી. સંસ્કૃતના પાઠ શરુ થયા. જજ સાહેબ પણ વિનમ્રતાથી એક આજ્ઞાકારી વિદ્યાર્થીની જેમ સંસ્કૃત શીખવા લાગ્યા. પરિશ્રમથી અને લગનથી તેમને વૈદ્યરાજના મનને જીતી લીધું. એકાદ વર્ષમાં વિલિયમ્સ પણ સંસ્કૃતના જાણકાર થઈ ગયા. તેમણે સંસ્કૃત ગ્રંથ 'અભિજ્ઞાન શાંકુતલ' નાટકનો અંગ્રેજીમાં અનુવાદ પણ કર્યો. વૈદ્યરાજે આશીર્વાદ આપતા વિલિયમ્સને કહ્યું, 'તમે એટલું સાબિત કર્યું છે કે લગન લગાવીને કામ કરનારા માટે કંઈ જ અસંભવ નથી.'

# આજે પણ ઈતિહાસ સાક્ષી છે

### તંત્રીસ્થાનેથી...

પુરુષોત્તમ અગ્રવાલ જાણીતા લેખક છે. એમના પુસ્તક 'હુ ઈઝ ભારતમાતા' માં પંડિત નહેરુના કલાસિક ગ્રંથોમાં અને એમનાં ભાષણો, નિબંધો તથા પત્રોમાં વ્યક્ત થતું ભારતદર્શન રજૂ થયું છે. આ પુસ્તક અગાઉ અંગ્રેજીમાં પ્રકાશિત થયેલું. હમણાં એનો કન્નડ અનુવાદ પ્રગટ થયો છે. એનું લોકાર્પણ કરતાં પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે કરેલાં નિરીક્ષણો નોંધપાત્ર છે. નહેરુએ રાષ્ટ્રને એના કસોટીના સમયમાં સુયોગ્ય નેતૃત્વ પૂરું પાડ્યું અને દેશને લોકશાહી મૂલ્યોની ભેટ ધરી. પાકિસ્તાન પણ એ જ સમયે આઝાદ થયું હતું પરંતુ એનું નેતૃત્વ પંડિત નહેરુ જેવા આર્ષદ્દષ્ટા નેતા પાસે નહોતું. એની કાળક્રમે કેવી દુર્દશા થતી ગઈ તે સર્વવિદિત છે. નહેરુને એમની મુલાકાત વેળાએ આપેલો ઉત્તર દાદ માગી લે તેવો હતો. પ્રાકૃતિક સંપદા અને સાંસ્કૃતિક વૈવિધ્યથી સરાબોર એવી ભારતભૂમિને માતાથી અકદેરી માની જીવ્યા ત્યાં લગી પંડિત નહેરુએ લાડ લડાવ્યાં. એને ગુલામીની જંજીરોમાંથી છોડાવવામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જમણા હાથ જેવા નહેરુનો પણ સિંહફાળો રહ્યો છે. હકીકતમાં ગાંધીજીએ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ અપાવનારા કેટલાક અગ્રણી મહાનુભાવોમાં જવાહરલાલના પિતા મોતીલાલ નહેરુ મુખ્ય હતા. દેશની પ્રારંભિક લોકતાંત્રિક શૈશવાસ્થા દરમિયાન પંડિત નહેરુએ એને સાચી દિશા ચીંધી. વળી ગાંધીજીના ગ્રામસ્વરાજની મર્યાદિત વ્યાખ્યા ઓળંગીને એમણે દેશમાં મોટા ઉદ્યોગો અને કારખાનાં સ્થાપી દેશને વિશ્વની હરોળમાં મૂકી આપવાની પ્રસ્તાવના રચી. ભાખરા નાંગલ ડેમ જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાથી પંજાબ હરિયાળું બની ગયું. દેશ અનાજના મુદ્દે સ્વાયત્ત બની રહ્યો. પુરુષોત્તમ અગ્રવાલના પુસ્તકમાં પંડિત નહેરુ વિશેના મહાત્મા ગાંધીની લઈ ભગતસિંહ અને અટલ બિહારી વાજપેયી સુધીના એમના સમકાલીન મહાનુભાવોના અભિપ્રાયો સમાવાયા છે. પંડિત નહેરુએ દેશની પ્રજામાં ભારતમાતાનાં દર્શન કર્યાં હતા. ડૉ. મનમોહનસિંહે પુસ્તકના લોકાર્પણ પ્રસંગે કહ્યું કે જો દેશને મહાસત્તાઓની હરોળમાં મૂકવાનું પ્રારંભિક પગલું ભર્યું હોય તો તે આર્ષદ્દષ્ટા પંડિત નહેરુએ ભર્યું હતું. 'ભારત માતા કી જય' જેવા રાષ્ટ્રીય નારાને કોઈ વિશિષ્ટ સમુદાય પ્રત્યેની નફરત દર્શાવવા અને હિંદુત્વના સૂત્રાત્મક વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવે છે. ભાજપનું નામ લીધા વગર એમને પવિત્ર સૂત્રના સંકુચિત સંદર્ભે તથા વિનિયોગ સામે પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે. ડૉ. મનમોહનસિંહ પોતે પણ ભારતના અગત્યના માઈલસ્ટોન છે. વૈશ્વિક અર્થનીતિને અનુસરવાનો માર્ગ મોકળો કરી એમણે દેશને એક ખાસ મુકામ પર મૂકી આપ્યો હતો. વર્તમાન પ્રગતિનો પાયો પંડિત નહેરુથી લઈ ડૉ. મનમોહનસિંહ સુધીના દૂરદષ્ટા નેતાઓએ નાખ્યો હતો, એ સત્ય સ્વીકારવાને બદલે સિત્તેર વર્ષ સુધી દેશને ખોટા માર્ગે જ દોરવામાં આવ્યો હોવાનો આક્ષેપ લાંબો વખત ટકી શકે એમ નથી. ડૉ. મનમોહન સિંહે કહે છે એમ ઈતિહાસ અંતે તો સત્ય હકીકતોને તારવીને જ જંપે છે.

# રાજકારણમાં અપરાધીકરણને લગામ



### કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

દેશમાં કાયદા તોડનારા સંસદમાં પહોંચી કાયદા ઘડનાર બની જાય તે સમગ્ર દેશ અને દુનિયા માટે શરમજનક ઘટના ગણાય આવું ભારતમાં જ શકય બને છે કારણ કે રાજકિય પક્ષો રાજકારણમાંથી અપરાધીકરણ દૂર કરવા કટીબધ્ધ નથી. ક્રિમીનરલ રેકર્ડ ધરાવનાર ઉમેદવારોને ટીકીટ કેમ આપી તેનો દરેક રાજકિય પક્ષોએ હવેથી જનતા સમક્ષ કોર્ટ સમક્ષ ખુલાસો કરવો પડશે. ઉમેદવારો ઉપર કેટલા ક્રિમીનલ કેસો ચાલે છે? કેટલામાં સજા થઈ ? તેની વિગત ૩૮ કલાકની અંદર દરેક રાજકિય પક્ષોએ તેમની વેબસાઈડ ઉપર મુકવા નામદાર સુપ્રિમ કોર્ટે ફરમાવ્યું છે તેમજ ઉમેદવારના અપરાધની વિગતો જીતેલા ઉમેદવારનો ક્રિમીનલ રેકોર્ડ સ્થાનિક અખબારને પણ આપવાનો રહેશે. આ ઉપરાંત ફોર્મ ભર્યાના ૭૨ કલાકની અંદર આવી વિગતો રાજકિય પક્ષોએ ચૂંટણી પંચને મોકલી આપવાની રહેશે તેમ કરવામાં નિષ્ફળ જતા આવા ઉમેદવારોના ફોર્મ ચૂંટણીપંચ દ્વારા અમાન્ય જણાવવામાં આવશે.

વર્તમાન કાયદાકિય વ્યવસ્થાનો લાભ ઉમેદવારો તથા રાજકિય પક્ષો ઉઠાવતા હોય છે. જઘન્ય અપરાધ, લુંટ, બળત્કાર, ખૂન, અપહરણ વિગેરે જેવા ગંભીર ગુન્હામાં સંડોવાયેલ ઉમેદવારો ઉપર ક્રિમીનલ કેસો ચાલુ હોય અગર તો નીચલી કોર્ટમાં સજા થયેલ હોય તેમ છતાં અપીલમાં જામીન ઉપર છુટેલા હોય તેવા ઉમેદવારો રાજકિય પક્ષના સંસદિય કે ધારાસભ્ય પદે ચૂંટણી લડે છે, જીતે છે અને મંત્રીપણ બની બેસે છે. માત્ર આરોપ સાબીત થયા ના કારણે જ તેમની ઉમેદવારી રદ કરવાની જોગવાઈ છે તેમજ આવા ઉમેદવારની ચૂંટણી લડવા ઉપર પ્રતિબંધ મુકાય છે. ન્યાયપ્રક્રિયાની ધીમી ગતિનો લાભ આવા ઉમેદવારો ઉઠાવી વર્ષો સુધી નીચલી કોર્ટ, ઉપલી કોર્ટમાં કેસોને રોકી રાખવામાં સફળ થાય છે. ત્યાં સુધી આવા ઉમેદવારોનો કાર્યકાળ પૂરો થઈ જાય છે.આ બાબતે સુપ્રિમે બે વર્ષ પહેલા ચુકાદો આપવાની જગ્યાએ સંસદમાં કાયદો ઘડવાની સલાહ આપેલ જયાં વાડ જ ચીભડા ગળતી હોય ત્યાં પોતાના પક્ષોનો ચોરના ભાઈ ઘંટી ચોર જેવો ઘાટ છે ત્યાં કોણ આવા કાયદા પસાર કરવાનું હતું પરંતુ હાલમાં સુપ્રિમ કોર્ટે આ બાબતે કડક વલણ અખત્યાર કરી બળાત્કારમાં સંડોવાયેલ ધારાસભ્યોના મામલે ગંભીર બનતા રાજકિય પક્ષો ઉપર કાયદાનું હથીયાર ઉપાડયું છે. સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે કાયદાનું પાલન કરવાની ફરજ અને જવાબદારી સૌની છે. ધારાસભ્ય, સંસદ સભ્ય કે મંત્રી આમાથી બાકાત નથી. બાહુબલી પૈસાના જોરે સંસદમાં તો બેસી જાય છે પરંતુ તેમને કાયદાનું જ્ઞાન હોતું નથી. પોતે જે કરે, બોલે તેને જ કાયદો ગણે છે. આવા અપરાધીઓ રાજકારણથી દૂર થવા જ જોઈએ. આવા ઉમેદવારોનું ફોર્મ ભર્યા બાદ રાજકિય પક્ષોએ સ્થાનિક અખબાર, ચેનલને આની વિગતો પૂરી પાડવી ફરજીયાત બનશે તથા ઉમેદવારના અપરાધીકરણની જાણ મતદારોને પણ કરવાની જવાબદારી જે તે રાજકિય પક્ષોની રહેશે તેમજ રાજકિય પક્ષોની વેબસાઈડ ઉપર પણ આ માહિતી પ્રકાશીત કરવાની ફરજીયાત રહેશે. હાલમાં સંજોગોમાં જાતિભેદ ચરમસીમાએ છે કોઈએ બહુમતી ધરાવતા ક્ષેત્રમાંથી ચોક્કસ જાતીનો બાહુબલી તાકાત અને કોમના વર્ચસ્વથી ચૂંટણી જીતી કાયદા તોડનાર જ કાયદા ઘડવાની પ્રક્રિયામાં સામેલ થાય તો દેશની જનતા આવા ઉમેદવાર પાસેથી કેવી અપેક્ષા રાખી શકે? સંસદ પણ તમામ કાયદાને ઘડીને તેના અમલ કરાવશે તેના માટે શકય નથી આ માટે સાશકપક્ષની ઈચ્છાશક્તિ અને જનતાની જાગૃત્તા તથા કાયદાની લગામ કસવી મહત્વની છે. રાજકિય પક્ષો કોઈપણ ભોગે ચૂંટણી જીતવા આવા ઉમેદવારો સામે જાતીવાદ, કોમવાદના જોરે નમતુ જોખે છે. જેનો ભોગ આમ જનતા બને છે અને અપરાધ ડામવાની જગ્યાએ અપરાધને પ્રોત્સાહન મળતું થાય છે. જો રાજકિય પક્ષો આવા ઉમેદવારોને ટીકીટ જ ના આપે તો કાયદો ઘડવા સીવાય આખી સમસ્યાનો અંત આવશે.

જો આપણા જનપ્રતિનિધીઓ જ હત્યા, હત્યાના પ્રયાસ, બળાત્કાર, અપહરણ, ખુન, ખંડણી જેવા ગંભીર અપરાધોમાં સંડોવાયેલા હોય તો તેમની પાસેથી કેવા ભવિષ્યની અપેક્ષા રાખી શકાય? દાગી નેતાઓ કાયદાની જટીલ અને લાંબી પ્રક્રિયાનો ભરપુર ગેરલાભ ઉઠાવી પોતાના કાર્યકાળ પુરો કરી સત્તા સ્થાનેથી જ કેસને રફાદફા કરતા હોય ત્યાં આમ જનતાને શું ન્યાય મળે? ભોગ બનનારતે યેનકેન પ્રકારે ધાક ધમકી દાબદબાણમાં કેસ પરત ખેંચવા અથવા સમાધાન કરવા તેમજ સાક્ષી, પુરાવા ફોડી તેનો નાશ કરવાના કાવાદાવા સત્તામાં આવતા જ કરવા લાગતા ગરીબ, પીડીત અને ભોગબનનાર તેના નસીબને દોષી માનીતે બેસી જાય પરંતુ હવે ન્યાયતંત્ર રાજકારણમાં અપરાધીકરણને અંકુશમાં લાવવા જરૂરી કાયદો ઘડી તેનો અમલ કરવા તમામ રાજકિય પક્ષોને ફરજ પાડી રહી છે. જનતાની પણ પવિત્ર ફરજ છે કે શામ, દંડ, ભેદ કે નાણાની લાલચમાં આવા જનપ્રતિનિધિને ચૂંટીને સંસદમાં ના મોકલે. માત્ર સરકાર, ન્યાયતંત્ર એકલાની આ જવાબદારી નથી હુકમનું પાનું તો મતદારોના હાથમાં જ છે જેને વોટ આપે તેના ચાલચલન અને ચારિત્યને જનતાએ ધ્યાનમાં લઈને જ જનપ્રતિનિધિ ચૂંટે તોજ આનો ઉકેલ શકય છે. નહિતર સુપ્રિમ કોર્ટે નિયમો તો બનાવશે, સંસદ કાયદો પણ ઘડશે પણ તેનો અમલીકરણ જ ના કડક રીતે થાય તો કાયદાનો કોઈ જ અર્થ નહી રહે જયાં સુધી જનતા આવા ઉમેદવારોને જાકારો ના આપે.

# ગૂંચો છે લાગણીઓની અને સંબંધના ગોટાળા, જીવન ક્યાં છે ! અહીં તો છે સમસ્યાના જ સરવાળા



### WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

**ગૂંચો છે લાગણીઓની અને સંબંધના ગોટાળા,**
**જીવન ક્યાં છે ! અહીં તો છે સમસ્યાના જ સરવાળા.**
**કહો કોને વખાણું ! માણસો તો છે જ અટકચાળા !**
**પ્રભુ પણ ભાગ્યનાં નામે કરે છે કાંકરીચાળા !**
**- ડૉ. મનોજ જોશી 'મન' (જામનગર)**

આજના આ સમયમાં મોટીવેશનલ સ્પીકર્સ, પ્રોત્સાહન આપનારા સંતો અને એવી અનેક સંસ્થાઓ આ બધાનું ચલણ ખૂબ વધ્યું છે કારણ કે આ તમામની જરૂર વર્તાઈ રહી છે અને જરૂર એટલા માટે જ વર્તાય છે કારણ કે માણસ અંદરથી ખાલીપો અનુભવે છે, ઉણપ અનુભવે છે અને પોતાના આ ખાલીપાને જગતથી છુપાવતો ફરે છે. તેની પાસે એવા સંબંધો જ નથી જયાં એ ખુલીને વાત કરી શકે કે વ્યક્ત કરી શકે. માત્ર મા-બાપ અને બાળકો જ નહિ, મિત્રો, સગા-વ્હાલા અને અન્ય તમામ સંબંધમાં વ્યક્તિ એવો પ્રશ્ન પૂછે કે શું મેં આ તમામ સંબંધને બરાબર ચાહ્યા છે? સંબંધમાં બીજી ઘણી કમી રહી હશે, લાગણીની કમી મેં નથી રહેવા દીધી. જો આટલું આત્મવિશ્વાસપૂર્વક કહી શકાય તો મોતનો ડર પણ એટલો ડરાવી નથી શકતો અને મૃત્યુના નુકશાનને હળવું ગણી શકાય છે, ભૂપત વડોદરિયાની આ વાત જાણે આજે દરેક ઘરની વાત હોય તેમ લાગી રહ્યું છે:

વર્ષો પછી એક મિત્ર મળવા આવ્યો. કૉલેજમાં અમે સાથે ભણ્યા અને પછી કામધંધે લાગી ગયા. કોઈ કોઈ વાર મળવાનું બનતું, પણ પછી તો અમે બંને સંપર્ક ગુમાવી બેઠા. મિત્ર અચાનક આવી પહોંચતાં હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. એના ચહેરા પર કાંઈક ઉદાસી અને નિરાશા જેવું જોઈને પૂછ્યું : 'છો તો મજામાં ને ? કંઈ મુશ્કેલી તો નથી ને?'

મિત્રે હસીને કહ્યું, : 'આમ તો કંઈ મુશ્કેલ નથી. વર્ષોથી અમેરિકા હતો. બધાં અમેરિકા જ છે, બંને દીકરા અને દીકરીઓ. વહેવારના કામે હું બે મહિના માટે આવ્યો છું. પણ હવે અમેરિકા પાછા જવું કે નહીં એની દ્વિધામાં છું. કોણ જાણે કેમ હું ત્યાં રહી શકતો નથી. ત્યાં સગવડો બધી જ છે, પણ ત્યાં જીવને ચેન પડતું નથી. મારી પત્નીને પણ ત્યાં ગમતું નથી, પણ પૌત્રોને ઉછેરવાની જવાબદારી એના માથે આવી પડી છે; તેણે પણ એ મોહ છૂટતો નથી. પણ મને તો જાણે એવું જ લાગે છે કે કોઈકે ધક્કો મારીને મને કંટાળાના અતળ કૂવામાં ફેંકી દીધો. તમે કહેશો કે તો પછી અહીં જ શાંતિથી રહોને, દીકરા-દીકરી ભળે પરદેશમાં લહેર કરે. વચ્ચે ત્રણ વર્ષ પહેલાં આ અખતરો કરી જોયો. અહીં થોડા દહાડા ગમાયું, પછી રાત-દિવસ દીકરા-દીકરી યાદ આવવા માંડ્યાં. પાછાં ત્યાં ગયાં. અમેરિકાના સમાજશાસ્ત્રીઓએ સારું નામ શોધી કાઢ્યું છે : ખાલી થઈ ગયેલા 'માળા'નો ખાલીપો કે ખટકો. તમે લેખક, એટલે સારો શબ્દ શોધી લેજો. પણ આ 'એમ્પ્ટી નેસ્ટ સિન્ડ્રોમ' નો અર્થ એટલો જ છે કે દીકરા-દીકરી ચાંચાળાં-પાંખાળાં થાય અને ઊડી જાય પછી માળામાં - ઘરમાં માબાપને ખાલીપણાની લાગણી સતાવ્યા કરે છે.'


'મને લાગે છે કે આનો કંઈ ઈલાજ નથી. તમે શું માનો છો? આજના જમાનામાં દીકરા બધા ભેગા મળી સંયુક્ત કુટુંબમાં રહે, માબાપની સાથે રહે, એ શક્ય નથી લાગતું. એવડાં મોટાં ઘર કયાંથી કાઢો ? કદાચ ઘર મળી જાય તોય એવડા મોટા મન ક્યાંથી કાઢો ? એ જમાતો તો ગયો. હવે એ શક્ય જ નથી. અને એક રીતે જુઓ તો મારા જેવા વૃદ્ધોએ જરા વિચારવા જેવું છે કે દીકરાઓને તેમનું પોતાનું જીવન ન હોય ? તેમણે સ્વતંત્ર રીતે જીવવું છે. તેમની પત્નીઓ જૂની કૌટુંબિક મર્યાદાઓની બહાર રહીને આઝાદીથી જીવવા માગે છે. મને લાગે છે કે અમારાં જેવાં માબાપોએ દીકરા-દીકરીનો આવો મોહ હવે છોડવો જોઈએ. દીકરાઓને મા-બાપનો આર્થિક ભાર ઉપાડવામાં વાંધો નથી, પણ માબાપ છાતી ઉપર ખમાતાં નથી. પ્રૌઢ અને વૃદ્ધ પતિ-પત્નીઓએ એકલાં રહેતાં શીખવું જોઈએ. બે-ચાર દહાડા માટે દીકરા-દીકરીને મળવા જાય તો ઠીક, બાકી તો તેમણે ઊડી ગયેલાં પંખીઓને પોતાના જૂના જર્જરિત માળામાં પાછાં બોલાવવાની આ ઘેલી રમત બંધ કરવી જોઈએ.'

આટલું કહેતાં તો મિત્રની આંખમાં આંસુ આવી ગયાં. એ આંસુ ઢાંકવા એકદમ હસ્યા અને બોલ્યા : 'મારી વાત બરાબર છે ને ? મા-બાપની ફરજ દીકરા-દીકરીને ઉછેરીને-ભણાવીગણાવીને પરણાવી દેવાની કે શક્ય હોય તો કયાંક કામધંધે લગાડી દેવાની. બસ, પછી તેમને તેમની રીતે તેમના રસ્તે જવા દેવાં જોઈએ.'

ગળગળા થઈ જતાં મિત્રે પોતાના મોટા દીકરાનું બાળપણ યાદ કર્યું : 'એ સમયના ભાવનગરની તદ્દન શાંત શેરીમાં એ ટ્રાઈસિકલ ચલાવતાં ડરતો હતો, અને આજે અમેરિકામાં ધસમસતા પૂરની ગતિએ મોટર હાંકે છે. નાનો હતો ત્યારે તો ગળેથી છૂટતો જ નહોતો. મારા ગળા ફરતે એના નાનકડા હાથ બરાબર ભીડી દે. તે દહાડે હું એને 'છોડ, છોડ' એવું કહ્યા કરતો હતો. આજે હવે હું એને મારા ગળેથી છોડી શકતો નથી. આજે હવે જાણે વગર કહ્યે એ મને કહી રહ્યો છે : છોડો-છોડો, પપ્પા,હવે અમને છોડો.' મિત્રના ગળે ડૂમો ભરાયો.

**Last Seen :**
**તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દો વડે, સ્પર્શ વડે, તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે.**
**- મહેન્દ્ર મેઘાણી**

- nehalgadhavi101@gmail.com



# રખે આશ્ચર્ય પામતા: મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપની સરકાર શક્ય



### અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

દિલ્હીમાં ભાજપના રકાસ સાથે સાત રાજ્યોમાં સત્તા ગુમાવ્યાનું મહેણું ભાંગવા રાજકારણના જાદુગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે કમર કસી હોવાનાં એંધાણ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથેની ૨૧ ફેબ્રુઆરીની મુલાકાત બાદ મળી રહ્યાં છે. મોટાભાઈ હવે નાનાભાઈ સાથે મનામણાં કરી લે એવું લાગે છે. મહારાષ્ટ્ર જેવું આર્થિક રાજધાની મુંબઈ ઉપરાંત સહકારી સાખર કારખાનાંને કારણે ઈલેકશન ફંડની રીતે અને બિહારમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી જીતવા માટે પણ મહત્વનું છે. આમ પણ, શિવસેનાપ્રમુખ ઠાકરેને ભાજપની સાથે વાંધો હતો જ ક્યાં, પ્રશ્ન માત્ર એટલો જ હતો કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે "માતોશ્રી" જઈને આપેલા વચનનું પાલન નહીં કરાતાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને કોંગ્રેસ સાથે ઘર માંડવાનો વારો આવ્યો હતો. વાત મુખ્યમંત્રીપદ શિવસેનાને મળે એની તો હતી. અત્યારે શિવસેના કને જ મુખ્યમંત્રીપદ છે અને આવતા દિવસોમાં એ રહે એ શરતે ભાજપ સાથે ઘરવાપસી કરવામાં મુખ્યમંત્રી કે એમની સેનાને વાંધો ના હોઈ જ શકે. શિવસેના માટે તો ચાર દિન કી ચાંદની જેવી જ અવસ્થા આમ પણ હતી. રાષ્ટ્રવાદીના સુપ્રીમો શરદ પવારના રિમોટથી ચાલવું કે મોદીના રિમોટથી ચાલીને ઉઠાવાય એટલા લાભ લેવામાં એમને વાંધો ના જ હોઈ શકે. શિવસેના મૂળે ભલે કોંગ્રેસની પેદાશ હોય, પણ હવેની પેઢીને ૧૯૬૬ના એ દિવસો અને બાળાસાહેબ ઠાકરે થકી "માતોશ્રી"માંથી ચલાવાતા રાજકીય કુનેહભર્યા ખેલ માફક આવે તેમ નથી. બાળાસાહેબ ક્યારેય ચૂંટણી લડ્યા વિના જ રિમોટથી કોંગ્રેસ કે શિવસેના-ભાજપની રાજ્ય સરકારો કે મુંબઈ મહાનગરપાલિકાના શાસકોને નર્તન કરાવતા રહ્યા હતા. પુત્ર ઉદ્ધવ ઠાકરે અને પૌત્ર આદિત્ય ઠાકરે તો સીધા જ રાજકારણમાં આવીને સત્તાનો સ્વાદ ચાખી ચૂક્યા. બાળાસાહેબ જીવતા હતા ત્યારે જ ઉદ્ધવને રાજકીય વારસ જાહેર કરીને ભત્રીજા રાજ ઠાકરેને તો વેગળો કર્યો હતો. નોખી પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના રચીને રાજ ઝાઝું કાઠું ભલે કાઢી ના શક્યો,પણ એ હવે ભાજપની નજીક સરકીને શિવસેનાના ગઢને ધ્વસ્ત કરે એ પહેલાં ઉદ્ધવ પોતાની સેનાને વેરવિખેર થતી રોકવા ભાજપ સાથે ફરીને ઘર માંડે તો બહુ આશ્ચર્ય થવાનું નથી. કારણ સ્પષ્ટ છે: ઉદ્ધવ ઠાકરે માટે આગળ ખાઈ અને પાછળ કૂવાની સ્થિતિ છે. આવતી ૭ માર્ચે મુખ્યમંત્રી ઠાકરે અયોધ્યામાં રામમંદિરના દર્શને જાય ત્યાં લગી બધું નીરક્ષીર થવાની શક્યતા ખરી.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પછી મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના બદલાયા સૂર**
- **કોંગ્રેસપ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા પહેલાં સીએએ-એનપીઆર-એનસીઆરને ટેકો**
- **નીતીશ-સુશીલ સરકારના બિહાર મોડેલને હવે મુંબઈમાં અપનાવાય એવાં એંધાણ**
- **પવારના રિમોટથી ત્રસ્ત શિવસેના પ્રમુખને ઝીલવા સંઘ અને ભાજપ બેઉ તૈયાર**

ભાજપ-સંઘની સંયુક્ત સક્રિયતા

ભાજપના વડપણવાળો એનડીએ ભલે સાત રાજ્યો ગુમાવી બેઠો,પરંતુ કેન્દ્રમાં મોદીના નેતૃત્વને ટક્કર મારે એવું વિપક્ષી નેતૃત્વ ઉપસે નહીં ત્યાં લગી દેશના સંઘીય ઢાંચા છતાં મોદીયુગમાં કેન્દ્રનો પ્રભાવ વધુ રહેવાનો એ વાતનો અનુભવ પુણેના ભીમા કોરેગાવ અંગેના એલ્ગાર પરિષદ ખટલાને, રાજ્ય સરકારને વગરપૂછ્યે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનસીએ)ને હસ્તક લઈ લીધો એ પ્રકરણમાં મળી ચૂક્યો છે. હજુ કેન્દ્રના પોપટ સમી એજન્સીઓ કળા કરીને ઠાકરેના ગઢને ધ્વસ્ત કરે એ પહેલાં જેટલા દિવસ મુખ્યમંત્રી રહેવા મળે સત્તાનો ભોગવટો કરી લેવાનું ચિંતન શરૂ થઈ ચૂક્યું છે. ભાજપની રાજ્ય નેતાગીરી હવે શિવસેનાનાં બે ફાડિયાં કરવાની વેતરણમાં હોવાના સંકેત ફરી પ્રદેશાધ્યક્ષ બનેલા ચંદ્રકાંતદાદા પાટીલને સોંપાયેલા ઓપરેશન અને ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહ ભૈયાજી જોશીના દેવેન્દ્ર ફડણવીસ લાંબો સમય "ભૂતપૂર્વ મુખ્યમંત્રી નહીં રહે" એવા સૂચક નિવેદનમાં મળે છે. ફડણવીસ કેન્દ્ર સરકારમાં કોઈ હોદો ગ્રહણ કરવાના નથી એવું સ્પષ્ટ કરીને મહારાષ્ટ્રમાં વિધાનસભામાં વિપક્ષના નેતા જ રહ્યા છે. એમણે ગૃહમાં પણ કહ્યું છે કે હું પાછો ફરીશ. એટલે કે ફરી મુખ્યમંત્રી બનીને આવીશ.

કોંગ્રેસ-રાષ્ટ્રવાદી ચિંતામાં

દિલ્હીમાં ઠાકરે પિતા-પુત્ર ગૃહમંત્રી અમિત શાહ અને માર્ગદર્શક મંડળમાં સામેલ ભાજપી નેતા લાલકૃષ્ણ આડવાણીને પણ મળ્યા એ વાતને ઝાઝું મહત્વ અપાવાને બદલે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદીની નીતિથી વિરુદ્ધ નાગરિકતા સુધારા ધારા (સીએએ), રાષ્ટ્રીય નાગરિકતા નોંધણીપત્રક (એનસીઆર) તથા રાષ્ટ્રીય વસ્તી નોંધણીપત્રક (એનપીઆર) અંગે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ઠાકરે સંમત હોવાની વાત ખૂબ ગજવવામાં આવી. આ મુદ્દે ઠાકરે કરતાં કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી અલગ મત ધરાવે છે. આશ્ચર્ય એ વાતનું છે કે પવારના પરિવારના "સકાળ" અખબારસમૂહમાં ઠાકરે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદીની ભૂમિકાથી વિરોધી ભૂમિકા લઈ રહ્યાની વાત ખૂબ સ્પષ્ટ કરાઈ છે,પણ ઠાકરેના પોતીકા "સામના" દૈનિકમાં નાગરિકતા સુધારા ધારા (સીએએ), રાષ્ટ્રીય નાગરિકતા નોંધણીપત્રક (એનસીઆર) તથા રાષ્ટ્રીય વસ્તી નોંધણીપત્રક (એનપીઆર) અંગે ઝાઝો ઉલ્લેખ કરાયો નથી. વડાપ્રધાન સાથેની સવા કલાકની બેઠક પછી શિવસેના સાંસદ અને "સામના"ના કાર્યકારી તંત્રી સંજય રાઉતના નિવાસસ્થાને માત્ર દસ મિનિટની જ પત્રકાર પરિષદ કરીને તેઓ ઉતાવળે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળવા ગયા હતા. શ્રીમતી ગાંધી અને મહારાષ્ટ્રના કોંગ્રેસ પ્રભારી મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં કલાકેક ચર્ચા કરી. જોકે ઉદ્ધવ ઠાકરેએ પ્રગટપણે સીએએથી ગભરાવાની કોઈ જ જરૂર નથી, એ વાત ભારપૂર્વક કરીને કોંગ્રેસ તથા રાષ્ટ્રવાદીની નેતાગીરીને ચિંતામાં જરૂર મૂકી છે. ઠાકરેએ સીએએ વિરુદ્ધ ઉશ્કેરણી કરનારાઓનું નામ પાડ્યા વિના એમની ભૂમિકાને વખોડીને કોંગ્રેસ અને રાષ્ટ્રવાદીના પવાર પર તીર તાક્યાનું અનુભવાયું. પિતા બાળાસાહેબના બેઉ હાથમાં લાડુ રાખવાના રાજકારણને અનુસરીને ઉદ્ધવ અત્યારે તો કોંગ્રેસ-રાષ્ટ્રવાદી અને ભાજપ બેઉને રમાડવાનો ખેલ ખેલતા વધુ જણાય છે. જોકે હિંદુત્વ અને સાવરકરના મુદ્દે એ ભાજપ સાથે સ્વાભાવિક નિકટતા ધરાવે છે, પરંતુ રાજકારણમાં તો 'જીસ કે તડ મેં લડ્ડૂ ઉસકે તડ મેં હમ' જેવી સ્થિતિ હોય છે.

બિહારની જેમ ઘરવાપસી

રાજકારણમાં કાયમી મિત્રો અને કાયમી શત્રુ હોતા નથી. બિહારનું ઉદાહરણ તાજું જ છે. લાલુ પ્રસાદ યાદવના રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) અને નીતીશ કુમારના જનતા દળ (યુ)એ કોંગ્રેસ સાથે મળીને વિધાનસભાની છેલ્લી ચૂંટણી લડીને વિજય મેળવ્યો હતો. આરજેડીને સૌથી વધુ બેઠકો મળ્યા છતાં જેલવાસી લાલુએ નીતીશને મુખ્યમંત્રી અને

અનુસંધાન પાના નં ૭ પર